બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે ૩.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબત. (વર્ષ ૨૦૨૪-૨૫)

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2023/3448/A-1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૩૦-૦૯-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ

(૨) આ વિભાગનો તા.૧૫-૦૮-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬-૦૨-૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./ન.બા/૨૦૨૩-૨૪/૧૬૨૬

આમુખ:-

ગુજરાત રાજ્યમાં બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક તેમજ સર્વાંગી વિકાસ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) ઉપરના તા.૩૦-૦૯-૨૦૧૭નાં ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ ઠરાવથી નિગમના વિવિધ ઉદ્દેશોમાં બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમે યોજનાઓ બનાવી તેનો અમલ કરવાનો રહે છે. જે માટે આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) ઉપરના તા.૧૫-૦૮-૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ધિરાણ યોજનાઓ જેવી કે, વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વ-રોજગારલક્ષી લોન યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) ઉપરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે ૩.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે ૩.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

બિન અનામત વર્ગની યોજના	અંદાજિત લાભાર્થીઓની સંખ્યા	રકમ
શૈક્ષણિક અભ્યાસ લોન	૨૪૦૦	૩. ૨૪૦૦.૦૦ લાખ

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jun-2024 (12:05 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સ્વરોજગારલક્ષી લોન	૧૮૦૦	૩. ૯૦૦૦.૦૦ લાખ
વિદેશ અભ્યાસ લોન	૨૫૬૭	૩. ૩૮૫૦૦.૦૦ લાખ
કો. પાયલોટ તાલીમ લોન	૦૪	૩. ૧૦૦.૦૦ લાખ
કુલ	૫૧૭૧	૩. ૫૦૦૦૦.૦૦ લાખ

શરતો:-

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ લોન ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ-નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
6. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
7. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
11. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને લોનની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
14. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
15. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
16. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
17. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
18. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે:

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jun-2024 (12:05 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

માંગણી નંબર	૯૨
મુખ્ય સદર	૬૨૨૫-અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન
પેટા મુખ્ય સદર	૮૦ – જનરલ
ગૌણ સદર	૧૯૦ - જાહેરક્ષેત્ર હેઠળની લોન અને અન્ય
પેટા સદર	૦૧ - ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧-૦૬-૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jun-2024 (12:05 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૭) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૩) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૪) સિલેકટ ફાઈલ

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jun-2024 (12:05 PM)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign